


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 144
Dt.: 31-03-2026, Tuesday
Page:04
Rs.00.50 paisa


### નોઈડા અંગે ખોટી માન્યતા પર બોલ્યા યોગી

## એવી માન્યતા હતી કે જે પણ મુખ્યમંત્રી નોઈડા જાય છે, તેમની ખુરશી જતી રહે છે

### આ અંધશ્રદ્ધાને કારણે ઘણા મુખ્યમંત્રીઓએ આખા કાર્યકાળ દરમિયાન નોઈડા જવાની હિંમત કરી નહોતી



(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે નોઈડામાં આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટની ભેટ આપ્યાના બીજા જ દિવસે એક કાર્યક્રમમાં જૂની યાદો તાજી કરી હતી. લખનઉમાં આયોજિત એક કાર્યક્રમમાં સંબોધન કરતા તેમણે જણાવ્યું હતું કે, અગાઉના સમયમાં નોઈડા શહેરને મુખ્યમંત્રીઓ માટે અપશુકનિયાળ માનવામાં આવતું હતું. એવી માન્યતા હતી કે જે પણ મુખ્યમંત્રી નોઈડા જાય છે, તેમની ખુરશી જતી રહે છે.

આ અંધશ્રદ્ધાને કારણે ભૂતકાળમાં ઘણા મુખ્યમંત્રીઓએ પોતાના આખા કાર્યકાળ દરમિયાન નોઈડા જવાની હિંમત પણ કરી નહોતી. જોકે, યોગી આદિત્યનાથે આ માન્યતાને ફગાવી દેતા કહ્યું હતું કે, જ્યારે મને ત્યાં જવાથી રોકવામાં આવ્યો, ત્યારે મેં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો ખુરશી એક દિવસ જવાની જ હોય, તો તેના મોહમાં કેમ પડવું? તેઓ નોઈડા ગયા એટલું જ નહીં, પણ પોતાનો પહેલો કાર્યકાળ સફળતાપૂર્વક પૂર્ણ કરી ફરીથી રાજ્યના મુખ્યમંત્રી પણ બન્યા.

મુખ્યમંત્રીએ નોઈડાની મુલાકાત દરમિયાન સામે આવેલા ગંભીર પ્રશ્નોની ચર્ચા કરતા જણાવ્યું કે, ત્યાં બિલ્ડરો અને ઘર ખરીદનારાઓ (બાયર્સ) વચ્ચે લગભગ ૪ લાખ જેટલા વિવાદિત કેસો વર્ષોથી અટવાયેલા હતા. અનેક લોકોએ પોતાની આખી જિંદગીની કમાણી બિલ્ડરોને આપી દીધી હતી, પરંતુ વર્ષો વીતવા છતાં તેમને ઘર મળ્યું નહોતું. જે-તે સમયે નોઈડા અને ગ્રેટર નોઈડા ઓથોરિટી પણ હજારો કરોડના દેવા નીચે દબાયેલી હતી. યોગી આદિત્યનાથે આ બાબતને ગંભીરતાથી લઈને નવી વ્યૂહનીતિ બનાવી અને વહીવટીતંત્રમાં સુધારા કર્યા. તેમણે ભ્રષ્ટ તત્ત્વોને બહાર કાઢ્યા અને બિલ્ડરોને કડક સૂચના આપી કે ગમે તે થાય, લોકોના ઘર મળવા જોઈએ. આ આક્રમક સુધારા અને યોગ્ય આયોજનનું પરિણામ એ આવ્યું કે આજે ઉત્તર પ્રદેશ સરકાર ૪ લાખ લોકોને તેમના હકનું ઘર અપાવી ચૂકી છે. જે ઓથોરિટી પહેલા દેવામાં ડૂબેલી હતી, તે આજે ૬ હજાર કરોડના નફામાં છે. મુખ્યમંત્રીએ ગર્વ સાથે જણાવ્યું કે આજે નોઈડામાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સૌથી વધુ રોકાણ આવી રહ્યું છે. આ દરમિયાન તેમણે અખિલેશ યાદવ પર કટાક્ષ કરતા કહ્યું કે, જે લોકો અગાઉ અંધશ્રદ્ધાને કારણે નોઈડા આવતા ડરતા હતા અને વિકાસના કામોમાં અડચણો ઊભી કરતા હતા, તેઓ આજે કયા મોઢે વિકાસની વાતો કરી રહ્યા છે! યોગી આદિત્યનાથે સ્પષ્ટ કર્યું કે તેઓ આસ્થામાં ચોક્કસ માને છે, પરંતુ અંધશ્રદ્ધામાં તેમને જરાય વિશ્વાસ નથી.

### કોરોનાના નવા વેરિઅન્ટે હાહાકાર મચાવ્યો

## કોરોનાનો નવો વેરિઅન્ટ દુનિયાના ૨૩ દેશોમાં ફેલાયો

### હેલ્થ એક્સપર્ટે આ વેરિએન્ટને સિકાડા નામ આપ્યું છે, સૌથી ચોંકાવનારી વાત તેમાં રહેલા મ્યૂટેશનની સંખ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જ્યારે પણ કોરોના વાયરસ ખતમ થવાની અણી પર હોય છે, ત્યાં વળી કોઈ નવો વેરિઅન્ટ ફેલાય જાય છે અને લોકોને ઝડપથી પોતાનો શિકાર બનાવે છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં દુનિયાભરમાં કોરોનાના ઓમિક્રોન વેરિએન્ટનો નવો સબ વેરિઅન્ટ BA.3.2 ઝડપથી ફેલાઈ રહ્યો છે. દક્ષિણ આફ્રિકામાં પહેલી વાર ઓળખ થયા બાદ આ વેરિઅન્ટે અત્યાર સુધી અમેરિકા અને યુરોપ સહિત દુનિયાના ૨૩ દેશોમાં પગપેસારો કરી દીધો છે.

હેલ્થ એક્સપર્ટે આ વેરિએન્ટને સિકાડા નામ આપ્યું છે. સિકાડા વેરિએન્ટની સૌથી ચોંકાવનારી વાત તેમાં રહેલા મ્યૂટેશનની સંખ્યા છે. તેમાં લગભગ ૭૦થી ૭૫ મ્યૂટેશન જોવા મળ્યા છે, જે તેને પાછલા તમામ વેરિઅન્ટથી વધારે સંક્રામક બનાવી શકે છે.

સિકાડા વેરિએન્ટના લક્ષણોની વાત કરીએ તો તે ઘણા બધા અંશે ઓમિક્રોન વેરિઅન્ટ જેવા જ છે. તેનાથી સંક્રમિત વ્યક્તિઓમાં મુખ્યત્વે ગળામાં ખરાશ, વધારે થાક, તાવ અને ખાંસી અને શરીરમાં દુખાવા જેવા લક્ષણો દેખાઈ રહ્યા છે. મોટા ભાગના લોકોને સંક્રમિત થવા પર ગળાની ખરાશની સમસ્યા સૌથી વધારે થઈ રહી છે. અમુક રેર કેસમાં, રાતના સમયે પરસેવો આવવો, ચામડી પર ચકામા અને સ્વાદ અથવા ગંધ ન આવવાના રિપોર્ટ કર્યા છે. જો આપને આવા લક્ષણો દેખાય તો તરત તપાસ કરાવવી જોઈએ. રાહતની વાત એ છે કે સિકાડા વેરિએન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો છે, પણ હજુ સુધી તે દુનિયાભરમાં ડોમિનન્ટ સ્ટ્રેન નથી બન્યો. ભારતની વાત કરીએ તો, હાલમાં ગભરાવાની કોઈ જરૂર નથી. દેશમાં હાલ સિકાડા વેરિએન્ટના કોઈ દર્દી સામે આવ્યા નથી. જોકે આંતરરાષ્ટ્રીય ટ્રાવેલિંગના કારણે આ વેરિએન્ટ ફેલાઈ શકે છે. આવા સમયે સાવધાની રાખવી ખૂબ જ જરૂરી છે. એક્સપર્ટનું કહેવું છે કે ભારતની મોટા ભાગની વસ્તીને વેક્સિન લગાવી ચૂક્યા છે. જેનાથી બચાવમાં મોટી મદદ મળી શકે છે. હાલમાં પણ વેક્સિન ગંભીર બીમારી અને મોતના જોખમને ઘટાડવામાં ખૂબ જ પ્રભાવી છે. તેનાથી બચવા માટે ભીડભાડવાળી જગ્યા પર જવાથી બચો. ઘરથી બહાર નીકળતી વખતે માસ્ક જરૂર પહેરો, હાથને વારંવાર ધોવો અને લક્ષણ દેખાવા પર ફટાફટ તપાસ કરાવો. સતર્ક રહીને આપણે કોરોનાના નવા ખતરાને ટાળી શકીએ છીએ.

### બે વર્ષથી જેલમાં સબડતા હત્યાના આરોપીને જામીન

## ટ્રાયલ વગર વ્યકિતને જેલમાં રાખવા તે સજા સમાન છેઃ સુપ્રીમ કોર્ટ



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હત્યાના પ્રયાસના કેસમાં કોર્ટ ટ્રાયલ વગર બે વર્ષથી જેલમાં રહેલા એક વ્યક્તિને જામીન આપતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કોર્ટમાં કોઈપણ પ્રકારની સુનાવણી વગર કોઈને કેદમાં રાખવાની રાખવાની બાબત એક પ્રકારે સજા સમાન છે. ન્યાયાધીશ દીપાંકર દત્તા અને પી વી વરાલેની બનેલી ખંડપીઠે પોતાના તાજેતરના આદેશમાં જણાવ્યું હતું કે પ્રદીપ કુમાર ઉર્ફે બાનુ પર ફેબ્રુઆરી ૨૦૨૪માં હત્યાનો પ્રયાસ સહિત વિવિધ ગુનાઓ માટે કેસ દાખલ કરાયો હતો, પરંતુ ફરિયાદ પક્ષે હજુ સુધી કેસ સાથે સંબંધિત ૨૩ સાક્ષીઓમાંથી એકની પણ પૂછપરછ કરી નથી.

ખંડપીઠે પ્રદીપ કુમારની જામીન અરજી ફગાવી દેતા પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ૧૧ જુલાઈ ૨૦૨૫ના એક આદેશને રદ કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે ૧૩ માર્ચના આદેશમાં જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષે અપીલકર્તા સામેના આરોપોને સાબિત કરવા માટે ૨૩ સાક્ષીઓની તપાસ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, પરંતુ કોઈની પણ તપાસ કરાઈ નથી. આમ ટ્રાયલ પૂર્ણ થવામાં થોડો સમય લાગવાની શક્યતા છે. આરોપીની ધરપકડને લગભગ બે વર્ષ વીતી ગયા છે, પણ કોઈ ટ્રાયલ શરૂ થયો નથી અને તેનો કોઈ નિષ્કર્ષ પણ દેખાતો નથી.

ટ્રાયલ ચલાવ્યા વગરની કેદ સજા સમાન છે. આ મામલાના તમામ પાસાંને ધ્યાનમાં રાખીને કોર્ટે અભિપ્રાય આપ્યો હતો કે અપીલકર્તાને વધુ અટકાયતમાં રાખવાની જરૂર નથી, તેથી જામીન આપી શકાય છે. જામીનની શરતો નક્કી કરતાં ખંડપીઠે જણાવ્યું હતું કે આરોપીએ ટ્રાયલ કોર્ટને જામીન બોન્ડ રજૂ કરવા પડશે અને ટ્રાયલ કોર્ટની અન્ય શરતો અને નિયમોનું પાલન કરવું પડશે. આરોપી આ કેસની હકીકતોથી વાકેફ કોઈપણ વ્યક્તિને પ્રત્યક્ષ કે પરોક્ષી રીતે પ્રલોભન કે ધમકી આપી શકશે નહીં. જામીનના નિયમો અને શરતોનો કોઈપણ ભંગ થશે તો ટ્રાયલ કોર્ટ અપીલકર્તાના જામીન રદ કરી શકશે.

### અમૃતસરની પાક. સરહદે નકલી નોટોનો જથ્થો મળ્યો

## પાકિસ્તાને ડ્રોનથી ડ્રગ્સ-હથિયારો બાદ ભારતમાં હવે નકલી નોટો પણ ઘૂસાડી

### હાલ બે લાખ રૂપિયાની ફેક કરન્સી મળી છે પરંતુ પાક.નું બહુ મોટું કાવતરું હોવાની અધિકારીઓને શંકા

(સંપૂર્ણ સમાચાર સેવા) અમૃતસર

પાકિસ્તાન અત્યાર સુધી ડ્રોનની મદદથી હથિયારો, ડ્રગ્સ વગેરે ભારતમાં ઘૂસાડવા પ્રયાસ કરી રહ્યું હતું, અનેક વખત આવા હથિયારો અને ડ્રગ્સ ઝડપાઈ ચુક્યા છે. હવે પાકિસ્તાને તેમાં નકલી નોટો પણ સામેલ કરી છે. પંજાબ સરહદેથી ડ્રોનની મદદથી પાકિસ્તાને ભારતમાં નકલી નોટો ઘૂસાડી છે. બીએસએફને આવી રૂ. ૨.૫ લાખની નકલી નોટો મળી આવી છે. પંજાબના અમૃતસર પાસે પાકિસ્તાન સરહદેથી પંજાબ પોલીસ અને બીએસએફને બનાવટી નોટો મળી આવી છે તેને પાકિસ્તાન દ્વારા ડ્રોનથી ભારતમાં નાખવામાં આવી હોવાની શક્યતાઓ છે. ઘરીન્ડા વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન આ ફેક નોટો મળી આવી છે, અધિકારીઓનું માનવું છે કે આ વિસ્તારમાં પ્રથમ વખત એવુ બન્યું છે કે પાકિસ્તાને ડ્રોનથી ફેક નોટો ઘૂસાડી છે. હાલમાં સામાન્ય રકમ ઝડપાઈ છે પરંતુ પાકિસ્તાનનું આ બહુ જ મોટું કાવતરુ હોવાની અધિકારીઓને શંકા છે. ફેક કરન્સી હથિયારો અને ડ્રગ્સ જેટલી જ ઘાતક માનવામાં આવે છે, કેમ કે ફેક કરન્સી કે નકલી નોટો ભારતના અર્થતંત્રને ડામાડોળ કરી શકે છે. હાલમાં જે પણ નોટો જપ્ત કરાઈ છે તેને ફોરેન્સિંક તપાસ માટે મોકલવામાં આવી છે, આ ફોરેન્સિક તપાસથી નોટો ક્યાં છપાઈ વગેરે માહિતી મેળવી શકાશે. નોટબંધી કરવામાં આવી તે બાદથી નકલી નોટોની અનેક ઘટનાઓ દેશમાં સામે આવી ચુકી છે. હવે પાકિસ્તાન દ્વારા પણ ડ્રોનની મદદથી નકલી નોટો ઘૂસાડાઈ રહી હોવાથી સુરક્ષા એજન્સીઓએ વધુ એલર્ટ રહેવું પડી શકે છે.

### ટ્રમ્પની હરકતોથી નારાજ જર્મનીમાં ઊઠી માગ

## દેશમાં તૈનાત ૪૦,૦૦૦ અમેરિકન સૈનિકોને બહાર નીકાળવાની માગ

### અમેરિકન અને સહયોગી દેશોના બેઝ અને પરમાણુ હથિયારોને પણ દેશમાંથી બહાર કાઢવાની વાત કહેવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)જર્મની

અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની સત્તા આવ્યા બાદ મોટાભાગના સહયોગી દેશ નારાજ જોવા મળ્યો છે. જેમાં નાટો સહિત અનેક સહયોગી દેશો વોશિંગ્ટનનો વિરોધ કરી રહ્યા છે.

બીજા વિશ્વ યુદ્ધ બાદ અમેરિકાના સૌથી મોટા મિત્ર દેશ જર્મનીમાં વોશિંગ્ટનનો વિરોધ યથાવત છે. ત્યાંની દક્ષિણપંથી પાર્ટીએ દેશમાં તૈનાત ૪૦,૦૦૦ અમેરિકન સૈનિકોને પણ બહાર નીકાળવાની માગ કરી છે. આ સાથે અમેરિકન અને સહયોગી દેશોના બેઝ અને પરમાણુ હથિયારોને પણ દેશમાંથી બહાર કાઢવાની વાત કહેવામાં આવી રહી છે.

અલ્ટર્નેટિવ ફૉર જર્મની(AFD) નામની પાર્ટીએ મર્ઝ સરકારથી માગ કરી છે કે, દેશની વિદેશ નીતિ હવે વોશિંગ્ટનથી સ્વતંત્ર હોવી જોઈએ. પાર્ટીના નેતા ટીનો ચુપાનાએ એક બેઠકમાં કહ્યું કે, જર્મનીએ તેના સહયોગી દેશના પરમાણુ ઠેકાણાઓ અને સૈન્ય અડ્ડાને પણ ખત્મ કરી દેવા જોઈએ. જેની શરૂઆત ૪૦,૦૦૦ અમેરિકન સૈનિકોને દેશથી બહાર નીકાળવાથી કરવી જોઈએ.

અમેરિકા ભલે કહેતું રહે કે નાટો દેશમાં તેણે સૌથી વધુ ખર્ચ કર્યો છે. પરંતુ યુરોપિયન દેશોના મનમાં એ ભાવના છે કે, નાટોમાં હંમેશા અમેરિકાએ પોતાના હિતોને વધુ પ્રાથમિકતા આપી છે. યુરોપિયન દેશોએ આરોપ લગાવ્યો છે કે, યુનાઈટેડ સ્ટેટ્સ વિદેશી યુદ્ધોમાં તેઓને જબરદસ્તી ખેંચે છે. ઈરાન યુદ્ધને લઈને પણ ચુપાલાએ નારાજગી વ્યક્ત કરી છે.

નોંધનીય છે કે, જર્મનીમાં અમેરિકાનો વિરોધ સતત તીવ્ર બની રહ્યો છે. જેમાં હંમેશા વિરોધમાં રહેનારા સત્તા પક્ષ અને વિપક્ષ આ મુદ્દા પર સામાન્ય રીતે એકબીજા સાથે સંમત છે.

ચાન્સલર મર્ઝે પણ ઈરાન સંઘર્ષને લઈને અમેરિકા પર હુમલો કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે, આ યુદ્ધને ખત્મ કરવાની જગ્યાએ અમેરિકાએ તેને વધારવાનું કામ કર્યું છે. જેના કારણે વૈશ્વિક તણાવ વધી ગયો છે.

રિપોર્ટ અનુસાર, જર્મનીમાં અમેરિકાના ૪૦,૦૦૦થી વધુ સૈનિકો તૈનાત છે. આ ઉપરાંત, આશરે ૧૨થી વધુ સૈન્ય અડ્ડા છે. વર્તમાનમાં જર્મનીના રામસ્ટાઈન એરબેઝથી ઈરાન પર થઈ રહેલા મિસાઈલ અને ડ્રોન હુમલાનો નિર્ણય લેવામાં આવી રહ્યો છે. જેના કારણે જર્મનીને આશંકા છે કે, તેને પણ નિશાન બનાવવામાં આવી શકે છે. આ એરબેઝની આસપાસ અમેરિકાનો કન્ટ્રોલ એટલો વધુ છે કે, આ ક્ષેત્રમાં યુરોપનું મિની અમેરિકા કહેવામાં આવે છે.

જો કે, છેલ્લા એક વર્ષથી અમેરિકા અને જર્મની વચ્ચે તણાવ વધી રહ્યો છે. તેવામાં સમાચાર સામે આવ્યા હતા કે, ટ્રમ્પ જર્મનીથી પોતાના સૈનિકો નીકાળવાનો વિચાર કરી રહ્યા છે. પરંતુ આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.




# તંત્રી લેખ......

## ગુજરાતે બહુમતીથી યુસીસી પસાર કર્યું

ગુજરાત વિધાનસભામાં વિગતવાર ચર્ચા પછી, 'ગુજરાત સમાન નાગરિક સંહિતા બિલ, ૨૦૨૬' બહુમતીથી પસાર થયું. આ પગલા સાથે, ગુજરાત ઉત્તરાખંડ પછી બીજું રાજ્ય બન્યું છે, જે ધર્મ પર આધારિત અલગ કાયદાઓને બદલે વ્યક્તિગત બાબતો માટે સમાન કાનૂની માળખું લાગુ કરશે. બિલ મુજબ, લગ્ન સમારોહ ધાર્મિક રિવાજો અનુસાર કરી શકાય છે, પરંતુ તેમની નોંધણી ફરજિયાત રહેશે. નોંધણી કરાવવામાં નિષ્ફળતા પર દસ હજાર રૂપિયા સુધીનો દંડ થશે. પુરુષો માટે લગ્ન માટેની લઘુત્તમ ઉંમર ૨૧ વર્ષ અને સ્ત્રીઓ માટે ૧૮ વર્ષ નક્કી કરવામાં આવી છે. બહુપત્નીત્વ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે, અને જીવનસાથી જીવિત હોય ત્યારે બીજા લગ્ન અમાન્ય ગણવામાં આવશે. છૂટાછેડા માટેના કારણો પણ સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે, જેમાં ક્રૂરતા, ત્યાગ, વ્યભિચાર, ધર્માંતરણ અને માનસિક વિકારનો સમાવેશ થાય છે. પરસ્પર સંમતિથી છૂટાછેડા માટેની જોગવાઈ પણ કરવામાં આવી છે, પરંતુ લગ્નના એક વર્ષની અંદર છૂટાછેડાની મંજૂરી આપવામાં આવશે નહીં. લિવ-ઈન સંબંધોને કાયદેસર રીતે માન્યતા આપવામાં આવી છે અને તેમની નોંધણી ફરજિયાત છે. જો પક્ષકારોમાંથી કોઈ એક સગીર હોવાનું જાણવા મળે છે, તો તેમના માતાપિતાને જાણ કરવામાં આવશે. લિવ-ઈન સંબંધોથી જન્મેલા બાળકોને કાયદેસર બાળકો ગણવામાં આવશે, અને સ્ત્રી જીવનસાથીને ભરણપોષણનો અધિકાર આપવામાં આવશે. બંને માતાપિતા માટે બાળકોના ઉછેરની સમાન જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવી છે. તે વારસા અને મિલકત વિભાગમાં સંપૂર્ણ લિંગ સમાનતા પણ લાગુ કરે છે, વિવિધ વ્યક્તિગત કાયદાઓમાંથી ઉદ્ભવતી અસમાનતાઓને દૂર કરવાનો પ્રયાસ કરે છે.

આ કાયદો સમગ્ર ગુજરાતમાં લાગુ થશે અને રાજ્યની બહાર રહેતા મૂળ ગુજરાતીઓને પણ લાગુ પડશે. તે એવા વ્યક્તિઓને પણ આવરી લે છે જેઓ છેલ્લા દસ વર્ષથી સતત ગુજરાતમાં રહે છે અથવા રાજ્ય અથવા કેન્દ્ર સરકારમાં નોકરી કરે છે. જો કે, અનુસૂચિત જનજાતિના સભ્યોને તેમના પરંપરાગત રિવાજો અને સાંસ્કૃતિક ઓળખની જાળવણી સુનિશ્ચિત કરવા માટે આ કાયદામાંથી મુક્તિ આપવામાં આવી છે. તે બળજબરીથી લગ્નોને દંડ કરે છે અને હલાલા જેવી પ્રથાઓને સ્પષ્ટપણે પ્રતિબંધિત કરે છે. આ કાયદાના અમલીકરણની સૌથી નોંધપાત્ર અસર લિંગ ન્યાયના ક્ષેત્રમાં જોવા મળશે. હવે તમામ સમુદાયોની મહિલાઓને મિલકત, વારસો અને ભરણપોષણના મામલામાં સમાન અધિકારો મળશે. લિવ-ઈન સંબંધોમાં આર્થિક સુરક્ષા તેમની સ્થિતિને મજબૂત બનાવશે અને બાળકોના અધિકારોનું રક્ષણ કરશે. ધર્મ પર આધારિત કાનૂની ભેદભાવ દૂર કરવાથી સામાજિક સંવાદિતાને પ્રોત્સાહન મળશે.

આંતરધાર્મિક લગ્નો વધુ સુલભ બનશે, અને મિલકતના વિવાદોમાં જટિલતાઓ ઓછી થવાની સંભાવના છે. કાનૂની પ્રક્રિયા પણ નોંધપાત્ર રીતે સરળ બનાવવામાં આવશે. કોર્ટ પરનો ભાર ઓછો થશે, કારણ કે હવે વિવાદો એક જ કાનૂની માળખા હેઠળ ઉકેલી શકાય છે. આ ન્યાય વિતરણને વધુ ઝડપી, પારદર્શક અને અસરકારક બનાવશે. કૌટુંબિક બાબતોમાં મુકદ્દમાની સંખ્યામાં ઘટાડો થવાથી સામાજિક સ્થિરતા પણ મજબૂત થશે. આર્થિક દ્રષ્ટિકોણથી, મિલકતના વિવાદોમાં ઘટાડો થવાથી વેપાર અને રોકાણ માટે વધુ અનુકૂળ વાતાવરણ પણ બનશે.

સરકારે હવે આ કાયદાને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે ઘણા નક્કર પગલાં લેવાની જરૂર પડશે. પ્રથમ, એક મજબૂત ડિજિટલ નોંધણી પ્રણાલી વિકસાવવી પડશે. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં વ્યાપક જાગૃતિ અભિયાન શરૂ કરવું પડશે. તાલીમ પામેલા અધિકારીઓની નિમણૂક કરવી અને ન્યાયિક કર્મચારીઓને નવી જોગવાઈઓથી પરિચિત કરવા પણ એટલું જ મહત્વપૂર્ણ છે. તબક્કાવાર અમલીકરણ સંભવિત પડકારોને વધુ સારી રીતે સંબોધિત કરશે. જાહેર વિશ્વાસ બનાવવા માટે સતત સંવાદ અને જોડાણ પણ જરૂરી રહેશે.


# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં રૂ.૧૪૧૮, ચાંદીના વાયદામાં રૂ.૩૫૬૭ અને ક્રૂડ તેલના વાયદાના ભાવમાં રૂ.૨૦૦ની વૃદ્ધિ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૩૫૦.૪૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૬૨૯૩.૧૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૮૩૯૯.૪૪ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૪૬૭ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૯૩૬૪૫.૧૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૩૫૦.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૬૬૨૯૩.૧૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૫૪૬૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૪૨૬.૫૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૮૩૯૯.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૨૧૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૫૭૯૭ અને નીચામાં રૂ.૧૪૨૧૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૪૨૮૨ના આગલા બંધ સામે રૂ.૧૪૧૮ વધી રૂ.૧૪૫૭૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૭૬૧ વધી રૂ.૧૧૭૦૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૭૯ વધી રૂ.૧૪૬૦૭ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૫૧ વધી રૂ.૧૪૫૬૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૬૭૨૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૬૭૨૫ અને નીચામાં રૂ.૧૪૩૨૦૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૫૨૭૩ના આગલા બંધ સામે રૂ.૫૪૫ વધી રૂ.૧૪૫૮૧૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૨૮૧૦૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૧૮૫૬ અને નીચામાં રૂ.૨૨૫૭૬૩ના મથાળે અથડાઈ, રૂ.૨૨૭૯૫૪ના આગલા બંધ સામે રૂ.૩૫૬૭ વધી રૂ.૨૩૧૫૨૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૩૨૮૮ વધી રૂ.૨૩૫૪૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૩૨૦૮ વધી રૂ.૨૩૫૪૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.




બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૨૩૪.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૪.૬૫ વધી રૂ.૧૧૪૬.૩૫ થયો હતો. જસત માર્ચ વાયદો રૂ.૪.૪૫ વધી રૂ.૩૧૫.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૧૨.૬ વધી રૂ.૩૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.૧.૮૫ વધી રૂ.૧૯૪.૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૬૫૧૦.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૫૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૧૩૩ અને નીચામાં રૂ.૪૦૪૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૨ વધી રૂ.૪૧૩૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૯૩૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૭૫૦ અને નીચામાં રૂ.૯૩૯૫ના સ્તરને સ્પર્શી, રૂ.૯૩૯૫ના આગલા બંધ સામે રૂ.૨૦૦ વધી રૂ.૯૫૯૫ થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૨૦૭ વધી રૂ.૯૬૦૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૮.૮ ઘટી રૂ.૨૮૦.૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૮.૭ ઘટી રૂ.૨૮૦.૯ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૦૪૦ના ભાવે ખૂલી, રૂ.૨૫.૭ વધી રૂ.૧૦૩૫.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૪૫૫ના ભાવે ખૂલી, રૂ.૨૨ ઘટી રૂ.૨૪૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૦૬૬.૨૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૩૩૩.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૨૪૫.૨૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૯૫.૦૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨.૨૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૧.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૫૭.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૦૨૭.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૪૨૬.૧૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૭.૩૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૬૫૬૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૪૬૯૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૨૨૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૪૯૩૪૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૫૩૨૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૦૧૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૮૬૫૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૨૬૧૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૮૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧૪૫૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૪૦૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૪૭૪૬ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૫૪૭૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૪૭૩૮ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૦૮ પોઈન્ટ વધી ૩૫૪૬૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૪ વધી રૂ.૧૬૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૯૫ ઘટી રૂ.૧૯.૫ થયો હતો. સોનું એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦ વધી રૂ.૨૭૯ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૭.૫ વધી રૂ.૧૭૭૦ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩૮ વધી રૂ.૧૮.૦૧ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૬૬ વધી રૂ.૧૩.૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૭.૪૫ વધી રૂ.૭૪૫.૬૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૮૫ ઘટી રૂ.૧૯.૯૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૮ વધી રૂ.૮૭૩.૫ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૫ વધી રૂ.૧૯૧૪ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૬.૫ ઘટી રૂ.૨૪૯.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૫ વધી રૂ.૧૯.૫૫ના ભાવે બોલાયો હતો. સોનું એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૭ ઘટી રૂ.૩૮૨૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭ વધી રૂ.૧૧૮૪.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૧ પૈસા ઘટી રૂ.૧૫.૧૭ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧ પૈસા વધી રૂ.૨.૮૬ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૫૫ ઘટી રૂ.૨૦.૫૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૩૫ વધી રૂ.૧૯.૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૨.૫ ઘટી રૂ.૧૯૪૯.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૬.૫ ઘટી રૂ.૫૨૨૧ના ભાવે બોલાયો હતો.

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો ધમધમાટ: આવતીકાલે ૧ એપ્રિલે અંતિમ મતદાર યાદી પ્રસિધ્ધ કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજય ચુંટણી આયોગ દ્વારા રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આગામી સામાન્ય અને પેટા ચુંટણીઓને લઈ આદેશ કર્યો છે કે મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ અને પંચાયતો માટેની આખરી મતદાર યાદી આગામી ૧ એપ્રિલ ૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરવાની રહેશે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે. ત્યારે આગામી ગણતરીના દિવસોમાં ચુંટણીની જાહેરાત થવાની શકયતાઓ વહેતી થઈ છે. ગુજરાતની ૧૫ મહાનગર પાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો, ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણી તથા નગરપાલિકાઓની ખાલી પડેલી બેઠકો ની પેટા ચુંટણી માટે ધમધમાટ શરૂ થયો છે. રાજય ચુંટણી આયોગે જિલ્લા / શહેર મ્યુનિસીપલ ચુંટણી અધિકારી અને કલેકટર, મતદાન નોંધણી અધિકારી અને જુનાગઢ, ગાંધીનગર સિવાયના મ્યુનિસીપલ કમિશ્નરોને સુચના આપી છે કે



આગામી ૧ એપ્રિલ ૨૦૨૬ ના રોજ નકકી થયેલા સ્થળોએ મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ કરવાની રહેશે. ગુજરાત વિધાનસભાની અધ્યતન મતદાર યાદીના આધારે આ સ્થાનિક સ્વરાજયની યાદી તૈયાર કરવામાં આવી છે. રાજય ચુંટણી પંચે સુચના આપી છે કે જિલ્લા અને તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ સુધી નવા નામ દાખલ કરવા, સુધારવા કે કમી કરવાની પ્રક્રિયા ચાલુ રહેશે, આ ઉપરાંત તમામ માન્ય રાજકીય પક્ષોને નિયમ મુજબ મતદાર યાદીની એક પ્રિન્ટેડ નકલ અને એક સોફ્ટ કોપી વિના મુલ્યે પુરી પાડવામાં આવશે. આ સાથે જ આખરી પ્રસિધ્ધિ અંગેનો વિગતવાર અહેવાલ તાત્કાલીક આયોગને મોકલી આપવા પણ સુચના આપવામાં આવી છે.

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ અરવલ્લી જિલ્લાના રાજકારણમાં આવ્યો ગરમાવો ૧૦૦થી વધુ કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ અરવલ્લી જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. મેઘરજ તાલુકાના રાજકારણમાં મોટી ઉથલ પાથલ જોવા મળી રહી છે. પંચાલ જિલ્લા પંચાયત બેઠક પર રાજકીય ગરમાવો વધતા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના પાયાના કાર્યકરોમાં ભારે અસંતોષ ફાટી નિકળ્યો છે. જેનો સીધો ફાયદો ભારતીય જનતા પાર્ટીને મળ્યો હોય તેવુ લાગી રહ્યુ છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ચુંટણી પહેલા જ રાજકીય સમીકરણો બદલાયા છે. ખાસ કરીને પંચાલ જિલ્લા પંચાયત બેઠક પર વિપક્ષી દળોમાં મોટો ભડકો થયો છે. આંતરીક અસંતોષ અને ખેંચતાણને કારણે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સક્રિય કાર્યકર્તાઓ પક્ષથી નારાજ થયા હતા. આ નારાજગી અંતે પક્ષપલ્ટામાં પરીણમી છે. જેનાથી મેઘરજ પંથકમાં વિપક્ષ નબળો પડયો હોવાનુ ચર્ચાએ જોર પકડયુ છે. રાજકીય ઉથલ પાથલ માં સૌથી મહત્વનુ નામ નારણભાઈ નુ છે. જેઓ પંચાલ ના પૂર્વ કોંગ્રેસ જિલ્લા સદસ્ય કાનજીભાઈના પુત્ર છે. નારણભાઈની સાથે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ૧૦૦ થી વધુ પાયાના કાર્યકર્તાઓએ વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ કર્યો છે. આટલી મોટી સંખ્યામાં કાર્યકરોનુ પક્ષ છોડવુ એ આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભાજપ માટે મજબુત સ્થિતિ નિર્ધારીત કરી શકે છે.

ભાજપના આ કાર્યક્રમમાં મંત્રી પી સી બરંડા અને જિલ્લા સંગઠન પ્રમુખ ભીખાજી ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી પી સી બરંડા એ ભાજપમાં જોડાયેલા તમામ નવા કાર્યકર્તાઓને કેસરીયો ખેસ પહેરાવીને આવકાર્યા હતા. જિલ્લા સંગઠન પ્રમુખે આ તકે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિકાસની રાજનીતી થી પ્રેરાઈને લોકો સતત ભાજપમાં જોડાઈ રહ્યા છે. જે અરવલ્લી માં પક્ષને વધુ મજબુત બનાવશે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ હવે નજીક છે, ત્યારે અરવલ્લી ના આ રાજકીય ઘટનાક્રમે અન્ય બેઠકો પર પણ અસર છોડી છે. પંચાલ બેઠક પર થયેલા આ પક્ષપલ્ટા થી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સ્થાનિક માળખામાં મોટી તિરાડ પડી છે. તો બીજી તરફ ભાજપે આ તકનો લાભ લઈને પોતાનુ સંગઠન વધુ મજબુત કર્યુ છે. આગામી દિવસોમાં આ હલચલ હજુ વધવાની શકયતા છે. જે ચુંટણી જંગ ને વધુ રસપ્રદ બનાવશે.

## ગીર સોમનાથ સર્કિટ હાઉસનું સંચાલન ખાનગી કંપનીને સોંપાયું: રૂ.૨ હજાર થી રૂ.૨૮૦૦ ભાડુ લેવાતુ હતુ તેમાં હવે થશે વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગીર સોમનાથ જિલ્લામાં આવતા યાત્રીકો અને મહાનુભાવો માટે આકર્ષણનુ કેન્દ્ર બનેલા અત્યાધુનિક સર્કિટ હાઉસના વહિવટમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા આ આલીશાન સર્કિટ હાઉસના સંચાલનની જવાબદારી હવે એક ખાનગી કંપનીને સોંપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.




આ નિર્ણયના અમલીકરણ સાથે જ પ્રવાસીઓના ખિસ્સા પર ભાર વધ્યો છે. કારણ કે સુવિધાઓની સાથે રૂમ ભાડામાં પણ મોટો વધારો કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગીર સોમનાથ ખાતે દરીયા કિનારે અંદાજે ૧૫ હજાર સ્કવેરફુટ વિસ્તારમાં આ સર્કિટ હાઉસનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આ ભવન પાછળ સરકાર દ્વારા આશરે ૩૦ કરોડ રૂપીયાનો માતબર ખર્ચ કરવામાં આવ્યો હતો. તેની ભવ્યતા અને લોકેશનને કારણે તે હંમેશા ચર્ચામાં રહ્યુ છે. જો કે આટલા મોટા પ્રોજેકટના નિભાવ અને મેન્ટેનન્સ પાછળ થતો ખર્ચ સરકારી તીજોરી પર ભારણ વધારી રહ્યો હોવાનુ જણાતા આખરે તેને ખાનગી ધોરણે ચલાવવાનો નિર્ણય લેવાયો છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ સર્કિટ હાઉસના સંચાલનની જવાબદારી મેક વે નામની ખાનગી એજન્સીને સોંપવામાં આવી છે. અત્યાર સુધી આ ભવનનુ સંચાલન સરકારી વિભાગ હસ્તક હતુ. પરંતુ હવે હાઉસકિંપીંગ થી લઈને બુકીંગ સુધીની તમામ પ્રક્રિયા આ ખાનગી કંપની સંભાળશે. મેન્ટેનન્સ નો ખર્ચ નિકળતો ન હોવાથી વહિવટી પ્રક્રિયાને વધુ સુગમ અને આધુનિક બનાવવા માટે આ પબ્લીક / પ્રાઈવેટ પાર્ટનરશીપ જેવો અભીગમ અપનાવવામાં આવ્યો છે. ખાનગી કંપનીના આગમન સાથે જ પ્રવાસીઓ માટેના દર માં મોટો તફાવત જોવા મળ્યો છે. અગાઉ આ સર્કિટ હાઉસમાં એક રૂમનુ ભાડુ અંદાજે ૨ હજાર થી ૨૮૦૦ રૂપીયા સુધી વસુલવામાં આવતુ હતું. જો કે હવે ખાનગી સંચાલન હેઠળ રૂમનુ શરૂઆતનુ ભાડુ જ ૪૨૦૦ રૂપીયા કરી દેવામાં આવ્યુ છે. આ ભાવવધારાને કારણે સામાન્ય પ્રવાસીઓ અને સરકારી કામકાજ અર્થે આવતા લોકોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. વહિવટી તંત્રનુ માનવુ છે કે ખાનગીકરણથી સુવિધાઓમાં નોધપાત્ર સુધારો થશે અને ભવનની જાળવણી લાંબા સમય સુધી જળવાઈ રહેશે.

## આનંદનગરમાં ક્રિકેટ રમતા બાળકોના ઝઘડામાં વાલીઓ બાખડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના આનંદનગર વિસ્તારમાં રવિવારે (૨૯ માર્ચ) રાત્રે બાળકોની રમત જેવી નજીવી બાબતે વાલીઓ વચ્ચે મરામારી થઈ હતી. સ્કારલેટ સોસાયટીમાં ક્રિકેટ રમતા બાળકોના ઝઘડામાં મોટાઓ કૂદી પડતા મામલો બિચક્યો હતો. આ ઘટનામાં એક પક્ષે બહારથી હથિયારધારી માણસો બોલાવી સોસાયટીમાં મારામારી અને મહિલાની છેડતી કરી હોવાના ગંભીર આક્ષેપો થયા છે.

મળતી માહિતી અનુસાર, આંનંદનગર વિસ્તારમાં સ્કારલેટ સોસાયટીમાં રાત્રે બાળકો ક્રિકેટ રમી રહ્યા હતા ત્યારે તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી. સોસાયટીના રહીશ કુણાલ શાહ બાળકોને છોડાવવા ગયા હતા, તે દરમિયાન અન્ય એક વ્યક્તિ કૃણાલસિંહ ચુડાસમા ત્યાં આવી પહોંચ્યા હતા. બાળકોની વાતને લઈને બંને વાલીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી, જે જોતજોતામાં હિંસક મારામારીમાં ફેરવાઈ ગઈ હતી.

ભોગ બનનાર કુણાલ શાહના જણાવ્યાનુસાર, સામેના પક્ષે બહારથી લુખ્ખા તત્વોને બોલાવ્યા હતા. આ શખસો દારૂ પીધેલી હાલતમાં અને હથિયારો સાથે સોસાયટીમાં ધસી આવ્યા હતા. આક્ષેપ છે કે તેમણે સોસાયટીમાં તોડફોડ કરી હતી અને કુણાલભાઈની પત્નીના પેટના ભાગે પણ માર માર્યો હતો.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# નિડર, નિષ્પક્ષ અને તટસ્થ શહેરમાં મહાકાલ ગ્રુપનું સિન્ડીકેટ કોણ ચલાવી રહ્યું છે?

## આ કહેવાતા મહાકાલ ગ્રુપના સિન્ડીકેટમાં કોણ કોણ છે? અને તેમની ભૂમિકા શું છે? એની ગંભીરતા પૂર્વક તપાસ કરાવવી જરૂરી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાતનું મીની ભારત કહેવાતું સુરત શહેર વિવિધતામાં એકતા સમાન છે. જ્યાં દરેક પ્રાંતના લોકો આવીને શહેરના વિવિધ સ્થળોએ વસવા લાગતા શહેરની વસ્તીમાં પણ વધારો થતાં જમીનોના ભાવ ઊંચકાવા લાગ્યા અને એનો ગેરલાભ ઉઠાવીને કેટલાક ખંધા બિલ્ડરોએ મહાકાલ ગ્રુપના વકીલો કે જેઓ કોર્ટમા પ્રેક્ટીસ કરતાં નથી તેઓ મારફતે કોઠા કબાડાની કરોડોની જમીનો તેઓના ટેબલ ઉપરથી નિકાલ કરાવતા હોય છે.

ત્યારે આજે પણ મોટી ઉંમરના વકીલો તેઓનું ગુજરાન ચલાવવા માટે વ્હીલચેરમાં આવી પ્રેક્ટીસ કરવાની ફરજ પડી છે. અને તેઓ જિંદગીભર વકીલાત કરતાં કરતાં માંડ માંડ ઘર કે નાની ઓફિસ કે એક ફોરવ્હીલ વસાવી શકયા છે. જેની સામે કેટલાક વકીલો સનદ લઈ કોઈપણ દિવસ કોર્ટમા કોઈ કેસ માં હાજર રહ્યા નથી તેમ છતાં કોઠા કબાડા કરી તેઓના વકીલ મારફતે જજ સાથે અમુક જ જજની બેન્ચ આવે તો જ કેસ મૂકવો. આમ આવા વકીલો ટૂંક સમયમાં કોઠા કબાડા કરી આલીશાન ઓફિસો,લકઝરીયસ ગાડી બંગલા બનાવી બેઠા છે. આવા વકીલો ઓફિસમાં બેઠા બેઠા જ મોટા મોટા કેસોના નિકાલ કરાવતા હોય છે. તેમની ઓફિસે કહેવાતા માથાભારે અને નામચીન રીઢા અસામાજિક તત્વોને બેસાડી રાખતા હોય છે. મોટા-મોટા ખેડૂત ખેતીના ધંધા કરતાં જેઓની સાથે આવા વકીલો પોલીસ સાથેની સાઠ-ગાઠ અને અધિકારીઓના મેળાપીપણામાં મોટા ખેડૂત એવા રાજુગીજુ ઉપર એટ્રોસીટી અને અન્ય કેસો કરાવી તેઓને જેલમાં મોકલાવ્યા છે. આવા વકીલોને ત્યાં શહેરના મોટા-મોટા બિલ્ડરો સવાર-સાંજ હાજરી પુરાવતા હોય છે. અને તેઓ ખેડૂતો સાથેની જમીનો ના કેસોમાં તેઓને અસામાજિક તત્વો કે પોલીસ ધ્વારા ફોન કરાવી તેઓ ઉપર ધમકી અપાવે છે. જે વકીલો વર્ષો સુધી પ્રેક્ટીસ કરવા છતાં તેઓની ઓફિસ લકઝરીયસ હોતી નથી. જ્યારે આવા કોર્ટમા પ્રેક્ટીસ ના કરતાં તોડબાજ વકીલો તેઓની લકઝરીયસ ઓફિસો ધરાવે છે. અને પ્રેક્ટીસ કર્યા વગર આ વકીલો મોજ કરે છે. અને તેઓના મોટા ફાર્મ હાઉસમા મોટી-મોટી પાર્ટીઓ થતી હોય છે. આવી પાર્ટીઓમા મોટા-મોટા **IPS** અને **IAS** અધિકારીઓ હાજર રહેતા હોય છે. રાજકારણીઓના આશીર્વાદથી મહાકાલ ગ્રુપ ધ્વારા મહેસૂલ અધિકારીઓ, પોલીસ અધિકારીઓને કયાં પોસ્ટિંગ આપવું તે શહેરમા બનેલ મહાકાલ ગ્રુપ નામની સિન્ડીકેટ નક્કી કરે છે. આ સિન્ડીકેટમા મોટા ભાગના માથાભારે તત્વો હોય છે. આ ગ્રૂપના સભ્યો ધ્વારા ઈક્મટેક્ષ રેડ કયા બિલ્ડરો કે ઉધોગપતિઓ ને ત્યાં રેડ કરાવી કે સમાધાન કરાવવું વિગેરે આ ગ્રુપના સભ્યો ધ્વારા કરાવવામા આવતી હોય છે. મહેસૂલ ખાતાના તેઓના મળતિયા અધિકારીઓ સુરત શહેરમા રાજકારણીના આશીર્વાદ થી તેઓની બદલી કરાવીને લાવવામાં આવતા હોય છે.

કરોડો રૂપિયાની જમીનો આવા વકીલો કિંમત નક્કી કરી માથાભારે ઈસમોના સહારે અને તેઓ ધ્વારા ધમકીઓ અપાવી પડાવી લેતા હોય છે. હાલમા મંત્રી મંડળ ના કેબિનેટ મંત્રીના મહાકાલ ગ્રુપ ઉપર ચાર હાથ છે. તેવી સ્થાનિક લોકોમા ચર્ચા નો વિષય છે. સુરત મા રાજુગીજુ અલથાણ ગામના મોટા ખેડૂતની ૭૩છ૭ ની જમીન અંગે તેઓ વિરુધ્ધ એટ્રોસીટીના ગુના દાખલ કરી તેઓ સાથે પરિવારના સભ્યો ને ત્રાસ ગુજારવામાં આવ્યો અને તેઓને જેલમા પણ જવું પડયું. તેઓ માનસિક અને આર્થિક ત્રાસના કારણે બીમારીનો ભોગે અવસાન પામેલા. આવા મોટા મોટા ખેડૂત સાથે જો આવું થતું હોય તો સુરત જિલ્લાના નાના ખેડૂતો કહેવાતા વકીલોના ફાર્મહાઉસ ખરેખર તો અસામાજિક તત્વોના હોય છે. અને ત્યાંથી બિલ્ડરોને પ્રોટેકશન મળતું હોય છે. ટેક્ષટાઈલ માર્કેટ અને ડાયમંડ ઉદ્યોગમા ઉચાપત (ઉઠમણું) કરનારાઓને તેઓની મંડળી ધ્વારા પ્રોટેકશન આપવામાં આવે છે.

બિલ્ડરો માર્કેટમાંથી પૈસા લીધા હોય અને તે ચૂકવવા ના પડે તે માટે પણ પ્રોટેકશન પૂરું પાડતા હોય છે. પોલીસથી બચાવવા માટે તેઓને ફાર્મહાઉસમા આશરો આપવામાં આવતો હોય છે. અને આમાં પોલીસની પણ મિલી ભગત હોય છે. એટ્રોસીટીના કેસના બહાને રાજુગીજુ પાસેથી જે તે સમયના અધિકારીઓ ધ્વારા કરોડો રૂપિયા ખંખેરી લેવામાં આવ્યા હતા.

મહાકાલ ગ્રુપની એક સિન્ડીકેટ બનાવવામા આવેલી તેમાં ૨૫ થી ૩૦ માણસોનું ગ્રુપ હતું જેમાં નિવૃત્ત પોલીસ અધિકારીઓ,મહેસૂલ ખાતા ના અધિકારીઓ, અસામાજિક તત્વો, એડવોકેટ, લાઈઝેનીંગ કરનારા ઈસમો આવા વકીલો પોતે કોઈ પ્રેક્ટીસ કરતાં નથી અને તેઓ કયો કેસ કયા જજની બેન્ચમા મૂકવો તે નક્કી કરે છે. અને તેમના કેસ લડતા વકીલોને વિશ્વાસ પૂર્વક ડિસ્ટ્રીકટ કોર્ટ કે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમા જે જજ ની બેન્ચમા કેસ જશે ત્યા જીતી જ જશે તો આવા વકીલો કોઈપણ પ્રકારની પ્રેક્ટીસ વગર કરોડો રૂપિયા કમાઈ રહ્યા છે. જેથી આવા વકીલો ખરેખર પ્રેક્ટીસ કરતાં જ નથી તો તેઓના નામ બાર કાઉન્સીલમાંથી રદ કરવા જોઈએ. એસી ઓફિસમા બેઠા-બેઠા પોતાની મેળાપીપણામા કેસ લડતા હોય છે. અને કેસ જીતવાની ખાતરી આપી પૈસા પડાવતા હોય છે. આવા વકીલોના સીબીઆઈ ધ્વારા તપાસ કરાવવી જોઈએ. તેમજ તેમના ઓફિસોના ટેબલો ઉપર પડી રહેલ કોઠા કબાડાની ફાઈલોની પણ ચકાસણી થવી જોઈએ. મહાકાલ ગ્રુપના સિન્ડીકેટ સભ્યોની નાનામા નાની વિગતો મેળવી તેઓની વિરુધ્ધ પણ કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. કેટલાક પોલીસ અધિકારીઓ અને મહેસૂલ અધિકારીઓ બદલી થઈ ને આવે ત્યારે તેઓને રહેવા-જમવા તેમનો પરિવાર ના આવે ત્યાં સુધી મહાકાલ ગ્રુપ વ્યવસ્થા પૂરી પાડતું હોય છે. મહાકાલ ગ્રુપમા પણ જુદા-જુદા સભ્યો ની કામગરીની વહેંચણી હોય છે. જેમાં કેટલાક કર્મચારી/અધિકારીઓની બદલી કરવાના કામ કરતાં હોય છે. તેમજ ઈક્મટેક્ષની રેડ વિગેરે પણ આ મહાકાલ ગ્રુપની માહિતીથી કરાવવામા આવે છે. આવા તમામની વિગતો જાહેર કરવામાં આવશે.

# કથિત પત્રકાર અને ડીસીપી બાંગરવા વિવાદમાં આવ્યો નવો વળાંક: મેડીકલ રીપોર્ટમાં આક્ષેપો ખોટા નિકળ્યા



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં થોડા દિવસથી કથિત પત્રકારને માર મારવા અંગેના પોલીસ પર ગંભીર પ્રકારના આક્ષેપો લાગી રહ્યા છે. જેમાં ડીસીપી ક્રાઈમ બાંગરવા એ ગુદા માર્ગ માં પેટ્રોલ છાંટયાના આરોપો લાગતા વાતાવરણ તંગ બન્યુ હતું. જો કે ગઈ કાલે આવેલ તબીબી રીપોર્ટ માં ગુદા માર્ગ માં પેટ્રોલનુ ઈન્જેકશન આપ્યા નો કે અંદર દાખલ કર્યાનુ તપાસમાં ફલીત ન થતા પોલીસ માટે રાહતના સમાચાર આવ્યા છે. અઠવાડીયા અગાઉ એક કોળી યુવક સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ થયો હતો. જેમને હોસ્પીટલના બીછાનેથી તેમને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ ઉઠાવી ક્રાઈમ બ્રાન્ચની ઓફીસે લઈ ગયા હતા. જયાં ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને તેની ટીમે તેના કપડા કાઢી નગ્ન કરી બેફામ માર માર્યો હતો. અને પાઈપ પર લટકાવી ગુદા માર્ગે પેટ્રોલ છાંટયાનો પણ ગંભીર આક્ષેપ લગાવતા સનસની મચી ગઈ હતી. અને સાથે સાથે રાજકારણ પણ ગરમાયુ હતું. ત્યારે ગઈ કાલે આવેલ તબીબી રીપોર્ટ માં મોટો ઘટસ્ફોટ થયો હતો. જેમાં દર્દીએ તારીખ ૨૮/૩/૨૦૨૬ બપોરે ૧૨ કલાકે આપેલ વિગતમાં તેના પર પ્લાસ્ટીકની બોટલનો ઉપયોગ કરીને પેરીએનલ વિસ્તાર (ગુદાની આસપાસનો ભાગ) પર પેટ્રોલ છાંટવામાં આવ્યુ હતું. ત્યારબાદ તબીબી તપાસમાં ગુદા માર્ગ અથવા મળાશયમાં પેટ્રોલનુ ઈન્જેકશન આપ્યાનો કે અંદર દાખલ થયુ નથી, તેમજ મળાશયમાંથી રકતસ્ત્રાવના કોઈ પુરાવા નથી, જે તબીબી રીપોર્ટ થી પોલીસને રાહત મળી છે.

# રાજય સરકારના પંચાયત વિભાગ દ્વારા બદલી બઢતીનો ગંજીપો ચીપાયો : ૧૦૦ થી વધુ ટીડીઓની કરાઈ બદલીઓ



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગમાં અત્યાર સુધીનો સૌથી મોટો વહિવટી ફેરફાર થયો છે. રાજયના વિકાસ કમિશ્નર સંદિપકુમારે પંચાયત સેવાના માળખાને વધુ મજબુત અને ઝડપી બનાવવા માટે એક સાથે ૧૫૦ જેટલા અધિકારીઓની બદલી અને બઢતીના આદેશ જારી કર્યા છે.

આ આદેશ અંતર્ગત ૧૧૮ તાલુકા વિકાસ અધિકારીઓ (ટીડીઓ વર્ગ ૨) ને એક જિલ્લામાં થી બીજા જિલ્લામાં બદલી કરવામાં આવી છે. જયારે ૩૨ જેટલા વિસ્તરણ અધિકારીઓને વર્ગ ૨ માં પ્રમોશન આપીને નવી જગ્યાએ ટીડીઓ તરીકે નિમણુંક આપવામાં આવી છે.

આ મોટા પાયે થયેલા ફેરફાર થી રાજયના પંચાયતી વહિવટમાં નવી ઉર્જા આવવાની અને અટકેલા વિકાસ કાર્યોને વેગ મળવાની પુરેપુરી શકયતા છે. વહિવટી કારણોસર રાજયના અલગ અલગ તાલુકાઓમાં ફરજ બજાવતા ૧૧૮ તાલુકા વિકાસ અધિકારીઓની આંતરીક બદલીઓ કરવામાં આવી છે. જેમાં જી બી બારડ ને ભાવનગર જિલ્લાના તળાજામાંથી અમરેલી જિલ્લામાં બદલી કરવામાં આવી છે , પી એસ ચૌધરી ને મહેસાણા જિલ્લાના વડનગર થી પાટણ જિલ્લાના સિધ્ધપુર ખાતે બદલી કરવામાં આવી છે. તેમજ એસ જી પાટીલ નાઓને નવસારી જિલ્લાના ખેરગામ થી વલસાડ જિલ્લાના પારડી ખાતે મુકવામાં આવ્યા છે, ડી ડી પટેલ ને મહેસાણા જિલ્લાના જોટાણા થી પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં મુકવામાં આવ્યા છે. શ્રીમતી ડી એચ જોશી નાઓને ગીર સોમનાથ જિલ્લાના ઉના થી બદલી કરી દેવભુમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા ખાતે બદલી કરવામાં આવી છે. આર એસ ડામોર ને સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા થી બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ખાતે મુકવામાં આવ્યા છે. પી બી બુલાત નાઓને સુરત જિલ્લાના પલસાણાથી બદલી કરી રાજકોટ જિલ્લાના જેતપુર ખાતે મુકવામાં આવ્યા છે. બી જે જોશી નાઓને બનાસકાંઠા જિલ્લાના ધાનેરાથી બદલી કરી અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે તાલુકા વિકાસ અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત એસ આર ડામોર ને અબડાસા થી ખેરગામ, વી એ ગોહિલ ને ગઢડા થી કલ્યાણપુર, એમ જે ચાવડા ને ગારીયાધાર થી ગઢડા, એન બી મોઢ ભિલોડા થી વિજયનગર મુકવામાં આવ્યા છે, એમ એન પટેલ મહેસાણા થી પાટણ, શ્રીમતી એમ એમ ગાંગાણી જેતપુર થી ગોંડલ, ડી જી ગઢીયા કોટડા સાંગણાથી લોધિકા , એમ એચ કટારા ભરૂચ થી કપડવંજ ની પણ બદલી કરવામાં આવી છે. સાથે જ સી પી ચૌહાણ ને લીમખેડા, કે એન ગાધે તળાજા, આર એચ હડીયલ ધ્રાંગધ્રા , કે બી ખીમાણી ચોટીલા, એન આર સોલંકી, સુરત જિલ્લાના માંડવી, અને પી એમ સાંગાણી સહિત કુલ ૧૧૮ અધિકારીઓને નવા તાલુકાઓનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

# પતિ એ જ ખુદ કહ્યું કે મારી પત્નીના ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી સાથે જ અનૈતિક સંબંધો




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણ અને સહકારી ક્ષેત્રમાં ગરમાવો લાવી દે તેવી એક ઘટના બહાર આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. વડોદરા ના ગોત્રી વિસ્તારમાં રહેતા એક વ્યકિતએ પોતાની પત્ની અને રાજયના પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરી વચ્ચે અનૈતિક સંબંધો હોવાના ગંભીર આક્ષેપો કરતા હડકંપ મચી જવા પામ્યો છે. એટલુ જ નહી, આ વ્યકિતએ પોતાની પત્ની અને રાજયના પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીના સંબંધોના આક્ષેપ સાથે કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. આ મામલે કોર્ટના આદેશ બાદ અટલાદરા પોલીસે શહેરની પ્રતિષ્ઠિત ગણાતી વિન્શ્યોર (વિયોર) સ્કુલના સંચાલક અને બાળકોની માતા વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

આ ઘટનામાં મળતી માહિતી અનુસાર ગોત્રી વિસ્તારમાં રહેતા ૪૪ વર્ષીય વ્યકિતના વર્ષ ૨૦૧૧ માં લગ્ન થયા હતા. અને ૧૫ વર્ષના લગ્ન જીવન દરમિયાન તેમને બે પુત્રીઓ જન્મી છે.છેલ્લા કેટલાક સમયથી દંપત્તી વચ્ચે ઝઘડો ચાલતો હોવાથી મામલો કોર્ટમાં પહોચ્યો હતો. હાલ બાળકોની કસ્ટડી માતા પાસે છે, બાળકોના જન્મના દાખલામાં પાસપોર્ટ માં તથા સ્કુલમાં અભ્યાસ કરવા માટે મુકયા હતા. ત્યારે તેમના નામ પાછળ પિતાનુ નામ લખેલુ હતું. પરંતુ પતિનો મુખ્ય આક્ષેપ છે કે પિતા હયાત હોવા છતાં અને કોઈપણ કાયદાકીય પ્રક્રિયા કે સરકારી ગેઝેટ વગર જ શાળાના રેકોર્ડમાં થી પિતાનુ નામ અને અટક કમી કરીને માતા નુ નામ ચડાવી દેવામાં આવ્યુ છે.

આ ઘટનામાં ફરીયાદીએ પોતાની એફઆઈઆર માં કરવામાં આવેલા સૌથી ચોંકાવનારો આરોપ લગાવ્યો છે કે તેમની પત્નીને પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરી સાથે અનૈતિક સંબંધો છે. તેની પત્ની ઉત્તર ગુજરાતની એક સહકારી મંડળી સાથે જોડાયેલી છે. આક્ષેપ છે કે પત્ની અને રાજકીય-સહકારી અગ્રણીઓએ મળીને મંડળીમાં નાણાંકીય કૌભાંડ પણ આચર્યુ હતું. જેમાં અગાઉ રાજકીય અગ્રણીની ધરપકડ પણ થઈ ચુકી છે. ફરીયાદીએ વધુમાં જણાવ્યુ હતુ કે જો આવી રીતે શાળાઓ મનસ્વી રીતે પિતાના નામ બદલી નાખે તો પૈસાના જોરે રોહિગ્યાઓને પણ ભારતીય બનાવી દેવામાં આવશે. કોર્ટના આદેશ થી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ માં કરેલા આક્ષેપ પ્રમાણે ફરીયાદીની પત્ની ઉત્તર ગુજરાતની મંડળી સાથે જોડાયેલી હતી. આ મંડળીમાં કૌભાંડની યોજના ઘડાઈ હતી. જેમાં પત્ની તથા રાજકીય તેમજ સહકારી અગ્રણીએ રૂપીયામાં કૌભાંડો કર્યા હતા. આ મામલે ઉત્તર ગુજરાતમાં પોલીસ પણ સક્રિય થઈ હતી. રાજકીય અગ્રણીની ધરપકડ થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. પતિ એ પત્ની પર કરેલા આક્ષેપથી હડકંપ મચી જવા પામ્યો છે. પોલીસે આ ઘટનામાં દખલગીરી કરીને બીલ વિસ્તારમાં આવેલી વિન્શ્યોર સ્કુલના માલીક અને સંચાલકો વિરૂધ્ધ વિશ્વાસઘાત અને ખોટા દસ્તાવેજો બનાવવાની કલમો હેઠળ ગુન્હો નોંધાયો છે.

અત્રે જણાવી દઈએ કે કાયદા મુજબ કોર્ટના ઓર્ડર કે ગેઝેટ વગર પિતાનુ નામ બદલી શકાય નહી. ફરીયાદીએ શિક્ષણ વિભાગમાં પણ રજુઆત કરી હતી. જયાં અધિકારીઓએ સ્વીકાર્યુ હતુ કે શાળા ને નામ બદલવાની સત્તા નથી, જો કે સ્કુલ સી બી એસ ઈ સંલગ્ન હોવાથી ગુજરાત બોર્ડ મર્યાદીત કાર્યવાહી કરી શકયુ હતું. ઉત્તર ગુજરાતની શાળામાંથી લીવીંગ સર્ટીફીકેટ મળ્યા પહેલા જ વડોદરાની સ્કુલે એડમીશન કેવી રીતે આપ્યુ તે પણ એક મોટો સવાલ ઉભો થઈ રહ્યો છે. કોર્ટના હુકમ બાદ અટલાદરા પોલીસે આ મામલે ગંભીરતા દાખવી છે. પિતાનુ નામ કમી કરવા પાછળ કયા દસ્તાવેજોનો ઉપયોગ થયો અને તેમાં શાળા સંચાલકોની કેટલી મીલીભગત છે તેની જીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે. હાઈ પ્રોફાઈલ રાજકીય નેતાનુ નામ સંકળાયેલુ હોવાથી આ કેસ સમગ્ર રાજયમાં ચર્ચાનુ કેન્દ્ર બન્યો છે.

# કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં આગામી સમયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ કચ્છ જિલ્લાના રાજકારણમાં મોટો ઉલટફેર જોવા મળી રહ્યો છે. જિલ્લાના અબડાસા વિસ્તારમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. નલીયા ખાતે ભાજપના ચુંટણી પ્રવાસ દરમિયાન કોંગ્રેસના ૨૦૦ થી વધુ સક્રિય કાર્યકરો અને આગેવાનોએ કેસરીયો ધારણ કરી ભાજપમાં જોડાયા છે.

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીઓ નજીક છે ત્યારે આટલી મોટી સંખ્યામાં કાર્યકરોનુ પક્ષ પરીવર્તન કોંગ્રેસ માટે ચિંતાનો વિષય બન્યુ છે. ભાજપના પ્રદેશ કક્ષાના આગેવાનોની હાજરીમાં આ તમામ કાર્યકરોને પક્ષનો ખેસ પહેરાવી વિધિવત રીતે આવકારવામાં આવ્યા હતા. ભાજપના મતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસ કાર્યોથી પ્રભાવિત થઈને આ લોકો જોડાયા છે. ઐતિહાસિક રીતે જોવામાં આવે તો અબડાસા વિસ્તાર હંમેશા કોંગ્રેસનો મજબુત ગઢ ગણાય છે. જો કે ચુંટણી અગાઉ જ અગ્રણી આગેવાનોએ પક્ષ બદલાતા હવે રાજકીય સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા છે. આ પક્ષ પલ્ટાથી સ્થાનિક સ્તરે રાજકીય હલચલ તેજ બની છે. અને વિરોધ પક્ષના સંગઠનમાં મોટુ ભંગાણ પડયુ છે. રાજકીય વિશ્લેષકોનુ માનવુ છે કે આટલી મોટી સંખ્યામાં કાર્યકરોનુ ભાજપમાં જોડાવવુ એ આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભાજપને સીધો ફાયદો કરાવી શકે છે. તો બીજી તરફ કોંગ્રેસે પોતાનો ગઢ બચાવવા માટે હવે નવા વ્યુહ અપનાવવા પડશે.

# ગુજરાતમાં ૬ વખત ધારાસભ્ય રહી ચુકેલા મધુ શ્રીવાસ્તવની બંને પુત્રીઓ કોંગ્રેસમાં જોડાઈ



પ્રતિનિધિ,ગાંધીનગર

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે. મુલાકાત બાદ ૧૫ મ્યુનિસીપલ કોર્પોરેશન સહિત ૩૮૩ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓની જાહેરાત થવાની ધારણા છે.

૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી માટે સેમીફાઈનલ તરીકે જોવામાં આવતી આ ચુંટણીઓમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ભાજપ સામે ટકકર આપી રહી છે. ભાજપ ચુંટણીની તૈયારીમાં વ્યસ્ત છે, પરંતુ વડોદરામા તેને ધોબી પછાડનો સામનો કરવો પડી રહ્યો છે.

ગયા અઠવાડીયામાં ૬ વખતના ધારાસભ્ય રહી ચુકેલા મધુ શ્રીવાસ્તવની બે પુત્રીઓ સાથે ભાજપની ટીકીટ પર જીતેલા બે કાઉન્સિલરો પણ કોંગ્રેસમાં જોડાયા છે. આનાથી સવાલ એ ઉભો થાય છે કે શું વડોદરા શહેર ભાજપમાં બધુ બરાબર છે ? ભાજપે એક વર્ષ અગાઉ વડોદરા શહેર ભાજપમાં જુથવાદનો અંત લાવવા માટે એક મોટો પ્રયાસ હાથ ધર્યો હતો. પાર્ટીએ ૪૦ થી વધુ અન્ય રીઝયુમ ને બાયપાસ કરીને સેન્ટ્રલ યુનિર્વસિટી ઓફ ગુજરાત ના ડે.રજીસ્ટ્રાર તરીકે સેવા આપતા ડો. જયપ્રકાશ સોનીને શહેર પ્રમુખ તરીકે નિયુકત કર્યા હતા. સોનીના કાર્યકાળના પ્રથમ વર્ષ પછી , તેમની પહેલી કસોટી મ્યુનિસીપલ ચુંટણીઓ હશે, જયાં તેમના માટે ભુતપૂર્વ શહેર પ્રમુખ ડો. વિજય શાહ નો રેકોર્ડ જાળવી રાખવાનો પડકાર છે. પરંતુ જે રીતે પાર્ટીએ પોતાના બે કાઉન્સિલરો ગુમાવવાને કારણે નબળી પડી ગયેલી કોંગ્રેસ પાર્ટી શહેરમાં મજબુત બનતી જોવા મળી રહી છે.

૨૦૨૧ ની મ્યુનિસીપલ ચુંટણીઓમાં ભાજપે વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં કોગ્રેસને ૭ બેઠકો સુધી મર્યાદીત કરી દીધી હતી. વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં કુલ ૭૬ બેઠકો છે. જયાં ભાજપે ૬૯ બેઠકો જીતી હતી. કોર્પોરેશનમાં અડધી બેઠકો મહિલાઓ માટે અનામત છે. ભાજપે પાટણના વતની જય પ્રકાશ સોનીને શહેર પ્રમુખ તરીકે નિયુકત કર્યા છે. આ અગાઉ પાર્ટીએ ૨૦૨૪ માં વધુ મહત્વપૂર્ણ પ્રયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો.

પાર્ટીએ રાજકારણમાં નવા આવેલા ડો. હેમાંગ જોશી ને સીધા જ પોતાના સાંસદ તરીકે ચુંટયા, મ્યુનિસીપલ ચુંટણીઓમાં હરણી બોટ ઘટનાના પડઘા વચ્ચે, મધુ શ્રીવાસ્તવની પુત્રીઓ દિપા અને નિલમ ના કોંગ્રેસ પક્ષમાં પ્રવેશનુ પરીણામ શું આવશે ? બધાની નજર આ પર છે. નીતિન નબીન રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચા હતી કે મધુ શ્રીવાસ્તવ ભાજપમાં પાછા ફરી શકે છે, ઉત્તર પ્રદેશના હમીરપુરથી પૂર્વજોના સંબંધ ધરાવતા મધુ શ્રીવાસ્તવ પણ કાયસ્થ છે. જો કે મધુ શ્રીવાસ્તવ ભાજપમાં પાછા ફર્યા ન હતા. પરંતુ તેમની પુત્રીઓ કોંગ્રેસ પાર્ટીમાં જરૂર જોડાઈ ગઈ હતી.

આ એવા સમયે આવ્યુ છે જયારે ભાજપના હાંકી કાઢવામાં આવેલા ભુતપૂર્વ કાઉન્સિલર આશિષ જોશી પહેલા થી જ ભાજપ માટે ગંભીર પડકાર ઉભો કરી રહ્યા છે. મધુ શ્રીવાસ્તવ વડોદરામાં ઉત્તર ભારતીયોમાં ખુબ લોકપ્રિય છે.

આ એવા સમયે થયુ છે, જયારે વડોદરાનુ રાજકારણ પહેલેથી જ જોશી વિરૂધ્ધ જોશી નો મુકાબલો છે. ભાજપ પાસે સાંસદ હેમાંગ જોશી છે, જયારે કોંગ્રેસ પાસે શહેર પ્રમુખ ઋત્વીક જોશી છે. થોડા દિવસો અગાઉ હાંકી કાઢવામાં આવેલા કાઉન્સિલર આશિષ જોશી કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ ચુકયા છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં જોઈએ તેટલી જનમેદની એકઠી ન થવાના સંકેતો દેખાતા ભાજપે વિદ્યાર્થીઓને હાજર રહેવા માટે આપ્યા આદેશ



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલા એક વિવાદાસ્પદ નિર્ણયને પગલે શૈક્ષણિક આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે વડાપ્રધાનના કાર્યક્રમમાં જનમેદની એકઠી કરવા માટે રાજયની ૪૭ જેટલી સરકારી એન્જીનીયર કોલેજોના વિદ્યાર્થીઓને વાહનો ભરી લાવવા નો આદેશ કરવામાં આવતા કોંગ્રેસે વિરોધ કર્યો છે.

કોંગ્રેસ પ્રવકતા મનિષ દોશી એ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે સરકારી ઈજનેરી કોલેજોમાં અધ્યાપકોની ૫૦ ટકા થી વધુ જગ્યા વરસોથી ખાલી પડી છે. શિક્ષણનુ સ્તર કથળી રહ્યુ છે. ત્યારે સરકાર વિદ્યાર્થીઓને ભણાવવાને બદલે રાજકીય કાર્યક્રમોમાં માનવબળ તરીકે વાપરી રહી છે. ટેકનીકલ શિક્ષણને ખાડે નાખવાના સુવ્યવસ્થિત કાવતરા હેઠળ આ પ્રકારના આદેશો આપવામાં આવે છે. નિષ્ણાંતોનુ માનવુ છે કે શિક્ષણ સંસ્થાઓનો મુળ હેતુ વિદ્યાર્થીઓને વિચારશીલ, જવાબદાર અને જાગૃત નાગરીક બનાવવાનો છે. જો આ સંસ્થાઓને માત્ર રાજકીય ઈવેન્ટ્સમાં ભીડ દર્શાવવા માટેના સાધન તરીકે જોવામાં આવશે તો શિક્ષણનો મુળભુત હેતુ જ જોખમાશે. જો એન્જીનીયરોને આવી રીતે ઈવેન્ટ મેનેજમેન્ટમાં જ રોકવામાં આવશે તો ગુજરાતને સક્ષમ ટેકનીકલ માનવબળ કેવી રીતે મળશે ? તેવો સવાલ ઉભો થઈ રહ્યો છે ? રાજયની સરકારી ઈજનેરી કોલેજોમાં ૫૦ ટકા થી વધુ અધ્યાપકોની જગ્યાઓ ખાલી પડી છે. ટેકનીકલ શિક્ષણ વિભાગે ખરેખર ખાલી જગ્યાઓનુ લીસ્ટ બનાવીને તે ઝડપથી ભરાય તે માટેના પ્રયાસો કરવા જોઈએ તેવી માંગણી પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે.

# ઉમરેઠ વિધાનસભાની ચુંટણી પ્રભારી તરીકે પૂર્વ ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાને મુકાયા : ભાજપે જીત માટે ઘડી રણનીતી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની આગામી પેટા ચુંટણીઓના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે ભારતીય જનતા પાર્ટીએ સંગઠન સ્તરે તૈયારીઓ તેજ કરી દીધી છે. આણંદ જિલ્લાની ઉમરેઠ વિધાનસભા બેઠક પર યોજાનારી પેટા ચુંટણી માટે ભાજપ દ્વારા ચુંટણી પ્રભારી અને ઈન્ચાર્જની નિમણુંક કરવામાં આવી છે.

રાજયના પૂર્વ ગૃહમંત્રી અને કદાવર નેતા પ્રદિપસિંહ જાડેજાને ઉમરેઠ બેઠકના ચુંટણી પ્રભારી બનાવવામાં આવ્યા છે.

ઉમરેઠ બેઠક જીતવા માટે ભાજપે અનુભવી નેતાઓ પર પસંદગી ઉતારી છે. પ્રદિપસિંહ જાડેજાને પ્રભારી તરીકેની જવાબદારી સોંપીને ભાજપે આ બેઠક પર પોતાનુ વર્ચસ્વ જાળવી રાખવા માટે વ્યુહ રચના ઘડી છે. આ ઉપરાંત ચુંટણીના સ્થાનિક વ્યવસ્થાપન માટે ઈન્ચાર્જ તરીકે આણંદ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હસમુખ પટેલની નિમણુંક કરવામાં આવી છે.

હસમુખભાઈ પટેલ આણંદ જિલ્લાના રાજકારણમાં ઉંડી પકકડ ધરાવે છે અને પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ હોવાને કારણે સ્થાનિક કાર્યકરો સાથે સીધો સંપર્ક ધરાવે છે. ભાજપના આ નિર્ણય થી કાર્યકરોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રભારી અને ઈન્ચાર્જ ની નિમણુંક બાદ હવે આગામી દિવસોમાં ઉમરેઠ વિધાનસભા વિસ્તારમાં પ્રચાર કાર્ય અને સંગઠનની બેઠકોનો દોર શરૂ થશે. આણંદ જિલ્લાની આ બેઠક પર યોજાનારી પેટા ચુંટણી રાજયના રાજકારણ માટે પણ સુચક માનવામાં આવી રહી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત



## માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્ર મોદીના

## વરદ હસ્તે

**₹19,800 કરોડ થી વધુના વિકાસલક્ષી**
**વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત**



અતિથિ વિશેષ

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી શંકરભાઈ ચૌધરી**
માનનીય અધ્યક્ષ, વિધાનસભા, ગુજરાત

### કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના 44 પ્રકલ્પો
- કેન્દ્રના માર્ગ પરિવહન તથા રાજમાર્ગ મંત્રાલયના 6 પ્રકલ્પો
- વિદ્યુત મંત્રાલય અને રેલવે મંત્રાલયના 3-3 પ્રકલ્પો
- જળ સંપત્તિ વિભાગના 5 પ્રકલ્પો
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)ના 3 પ્રકલ્પો
- આરોગ્ય, પ્રવાસન તેમજ માર્ગ અને મકાન વિભાગના 2-2 પ્રકલ્પો
- પાણી પુરવઠા અને આદિજાતિ વિકાસ વિભાગના વિવિધ પ્રકલ્પો

**તારીખ: 31/3/2026 | સમય: સાંજે 04:00 વાગે | સ્થળ: નાણી, વાવ-થરાદ**

## વિકાસની ઐતિહાસિક ભેટ

**આરોગ્ય ક્ષેત્રે સુવિધાઓમાં વધારો**
1600થી વધુ દર્દીઓના પરિવારજનોને ન્યૂનતમ દરે રહેવા અને ભોજનની ઉત્તમ સગવડ મળશે

**રેલ કનેક્ટિવિટીમાં વધારો**
₹891 કરોડના રેલ પ્રકલ્પો દ્વારા 94 કિમી સુધી કનેક્ટિવિટી મજબૂત બનશે, મુસાફરી સરળ થશે અને અર્થતંત્રને વેગ મળશે

**અમદાવાદ-ધોલેરા SIR માર્ગમાં ઐતિહાસિક ગતિ**
₹5,105 કરોડના 109 કિમી એક્સપ્રેસ-વેથી મુસાફરીનો સમય આશરે 2 કલાક 15 મિનિટથી ઘટીને માત્ર 45 મિનિટ થશે. જે વેપાર, રોકાણ અને રોજગારી માટે નવી તકો સર્જાશે

**વિશ્વસનીય વીજ પુરવઠો**
₹3,645 કરોડના રોકાણ સાથે 6000 MVA + 4.5 GW ક્ષમતા અને આશરે 958 CKM ટ્રાન્સમિશન લાઈન નેટવર્કથી 30 લાખથી વધુ રહેણાંકોને અવિરત વીજ પ્રવાહ મળશે



**ટ્રાફિક સમસ્યામાં રાહત**
અડાલજના 1.02 કિ.મી. લાંબા ઓવરબ્રિજથી અન્નપૂર્ણા સર્કલ ખાતે ટ્રાફિક સમસ્યામાં રાહત, હજારો નાગરિકોનો દૈનિક પ્રવાસ વધુ સુગમ, સરળ અને સુરક્ષિત બનશે

**આદિજાતિ યુવાનોને શિક્ષણમાં નવી તકો**
628 વિદ્યાર્થીઓનો સમાવેશ ધરાવતી હોસ્ટેલ્સથી સુરક્ષિત રહેઠાણ, અભ્યાસ અને ભોજન જેવી સુવિધાઓ મળી રહેશે

**પર્યટનનો અનુભવ બનશે વધુ રોચક**
₹68 કરોડના પર્યટન પ્રકલ્પોથી મુલાકાતીઓ માટે હેરિટેજ સ્થળોની અનુભૂતિ આહલાદક બની રહેશે સ્થાનિક રોજગારીમાં વધારો થશે અને રાજ્યના સાંસ્કૃતિક વારસાને આધુનિકતાનો ઓપ મળશે

**ગ્રામીણ પરિવારોને સુરક્ષિત રહેઠાણ**
પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ 34 જિલ્લાના 38,949 આવાસોમાં ગૃહ પ્રવેશથી હજારો પરિવારોને સન્માનપૂર્ણ અને સુરક્ષિત જીવનનો આધાર મળશે

**જળ સુવિધાનું વિસ્તરણ**
110 કિમી લાંબી પાઈપલાઈનોનું નિર્માણ, 128 ગામોના 280 તળાવો નર્મદાના જળ સાથે જોડાયા, ગુજરાતના 92,000 એકર વિસ્તારને સિંચાઈનો બહોળો લાભ મળશે

**ઔદ્યોગિક વિકાસને મજબૂત આધાર**
સાણંદ-2 અને નરોડા GIDC સહિતના પ્રકલ્પોથી 2,416 હેક્ટર વિસ્તારમાં આશરે 1,150થી વધુ ઉદ્યોગોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડ્રેનેજ, રસ્તા અને પરિવહન સુવિધાનો સીધો લાભ મળશે

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS